# મહાત્મા મંદિરમાં ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલ માટે તડામાર તૈયારીઓ

**મહાત્મા મંદિરના હોલ નં ૧ થી ૪ અને ગેલેરીમાં હોસ્પિટલને લગતી આનુસંગિક સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે : ઓક્સિજન પ્લાન્ટ પણ તૈયાર થઇ રહ્યો છે : બે દિવસમાં કામ પુર્ણ થઇ જશે : બાયોમેડિકલ વેસ્ટ તેમજ કોલ્ડ સ્ટોરેજની પણ સુવિધા**







ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં કોવિડના દર્દીઓ માટે મહાત્મા મંદિરમાં હોસ્પિટલ તૈયાર તડામાર કામગીરી ચાલી રહી છે. મહાત્મા મંદિરના હોલ નં ૧ થી ૪ તેમજ ફોટો ગેલેરીમાં કોવિડના દર્દીઆને સારવાર આપવા માટે બેડ તેમજ આનુસંગિક મેડિકલ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જયારે આ ઠેકાણે ઓક્સિજન પ્લાન્ટ તેમજ બાયો મેડિકલ વેસ્ટના નિકાલ અને કોલ્ડ સ્ટોરેજની પણ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. ૧૨૦૦ બેડની આ હોસ્પિટલમાં ૨૫૦ આઇ સી યુ બેડની પણ સુવિધા ઉભી કરાઇ છે. હોસ્પિટલનુ મોટાભાગનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. બાકી કામગીરી પણ ટુંકમાં પુર્ણ કરી દેવાશે. હાલ ઓક્સિજન પ્લાન્ટ લગાવાની કામગીરી પણ ચાલી રહી છે.

કોરોનાનો કહેર યથાવત છે. હોસ્પિટલોમાં હાલ પણ દર્દીઓ ઓક્સિજન માસ્ક ની મદદથી કોરોના સામે સતત જંગ લડી રહ્યા છે. કોરોનાની બીજીલહેરમાં મૃત્યુઆંક પણ ચોંકાવનારો હોવાથી આમ નાગરિકો ભયભીત છે. ત્યારે કોરોના સંક્રમિત દર્દીઓને હોસ્પિટલમાં જગ્યા ન મળતી હોવાની દયાજનક સ્થિતિ વચ્ચે અનેક નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. આવા સંજોગોમાં સરકાર કોરોના સામે લડવા વધુ મજબુત રીતે સજ્જ થઇ રહી છે. કોરોનાની ત્રીજી લહેર વિશે પણ અનેક અટકળો ચાલી રહી છે. પરંતુ હાલ બીજી લહેરથી જ જનજીવન એટલી હદે પ્રભાવિત છે કે પ્રથમ તેમાંથી બહાર નિકળીને સ્થિતિ સામાન્ય થાય તે દિશામાં ભરપુર પ્રયાસો ચાલી રહ્યા છે. રાજયની હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓ બેડ ન મળતા ઓક્સિજન વિના જ ટળવળી રહ્યા હોવાના અનેક કિસ્સાઓથી સૌ કોઇ આકુળ વ્યાકુળ છે. આવા સંજોગોમાં હોસ્પિટલમાં બેડ વધારવા ઉપરાંત નવી કોવિડ હોસ્પિટલ કાર્યરત કરવા માટે પણ આયોજન કરાયુ છે. ગાંધીનગરમાં પણ અગાઉ હેલીપેડ મેદાન ખાતે નવી હોસ્પિટલ શરૂ કરવા માટે આયોજન કરાયુ હતુ. ત્યારબાદ કોવિડના દર્દીઓ માટે મહાત્મા મંદિરમાં નવા ઈન્ફાસ્ટ્રકચર સાથે તમામ સુવિધાઓ ઉભી કરવાનો નિર્ણય લેવાયો હતો હાલ આ કોવિડ સેન્ટર તૈયાર કરવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. મહાત્મા મંદિરના હોલ નં ૧ થી ૪ તેમજ ગેલેરીમાં હોસ્પિટલને લગતી તમામ સુવિધાઓ પુરી પાડવા માટે અંજામ આપવામાં આવી રહ્યો છે. મહાત્મા મંદિરમાં ૧૨૦૦ બેડની સુવિધા ઉભી કરવામાં આવી રહી છે. જયારે આ પૈકી ૨૫૦ આઇ સી યુ બેડનો પણ સમાવેશ છે. કોવિડના દર્દીઓને સારવાર આપવા માટે પાર્ટીસન તૈયાર કરાયા છે. કોવિડના દર્દીઓ માટે વેઇટીંગની સુવિધા તેમજ બાયો મેડિકલ વેસ્ટના નિકાલ માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત ડેડ બોડી માટે કોલ્ડ સ્ટોરેજ પણ તૈયાર કરવામાં આવ્યુ છે. ટાટા ટ્રસ્ટના સહયોગથી આ હોસ્પિટલનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. ગત તા ૨૯ એપ્રિલના રોજ આ હોસ્પિટલનુ કામ શરૂ કરાયુ છે. જયારે કોવિડના દર્દીઓમાં સર્જાતી ઓક્સિજનની કમીને અનુલક્ષી આ ઠેકાણે ઓક્સિજન પ્લાન્ટ પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. મહાત્મા મંદિરમાં નવી કોવિડ હોસ્પિટલને અનુલક્ષી ૯૦ ટકા કામ પુર્ણ થઇ ગયુ હોવાનુ પણ જાણવા મળ્યુ છે. જયારે આગામી બે દિવસમાં બાકી રહેતી કામગીરી પણ પુર્ણ થઇ જશે. કદાચ આગામી દિવસોમાં સિવિલ હોસ્પિટલમાં અન્ય અલબત્ત કોવિડ સિવાયના દર્દીઓને પણ યોગ્ય સારવાર મળી રહે તે માટે ગાંધીનગરના કોવિડના તમામ દર્દીઓને મહાત્મા મંદિરની આ કોવિડ હાસ્પિટલમાં જ સારવાર આપવામાં આવે તેવુ આયોજન પણ કરવામાં આવે તેવી સંભાવના છે. જો કે આ માટે મેડિકલ સ્ટાફની પુરતી ઉપલબ્ધિ થાય તે પણ જરૂરી છે. છેલ્લા બે મહીનાથી કોરોનાના દર્દીઓની સારવારમાં આરોગ્ય સેવાઓ કાર્યરત છે ત્યારે અન્ય તકલીફો ધરાવતા દર્દીઓની હાલત પણ દયાજનક બની છે. તેમને પણ યોગ્ય સમયે સારવાર મળે તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

# જિલ્લામાં કેસના ઘટાડાનો સિલસિલો યથાવત્ : નવા ૨૬૫ કેસ : ૨૭૨ ડિસ્ચાર્જ

**જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દહેગામમાં ૩૨, ગાંધીનગરમાં ૨૭, કલોલમાં ૪૬ અને માણસામાં ૪૫ કેસ નોંધાયા : શહેરમાં વાવોલમાંથી સાડાત્રણ માસની દિકરી; સે. ૧૩ માંથી ૧૩ માસનુ આયુ ધરાવતુ બાળક તેમજ ૧૦ વર્ષથી ઓછી આયુ ધરાવતા ૮ બાળકો સંક્રમિત જણાયા : સરગાસણમાં ૧૬, કુડાસણ, સે. ૨, ૭, ૨૬, ૨૮ માંથી ૬-૬ કેસ, સે. ૩, ૨૧, ૨૪ માંથી ૫-૫ કેસ, વાવોલ, સે. ૬, ૧૩, ૧૭, ૨૯ માંથી ૪-૪ કેસ મળી આવ્યા : જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા ૨૫૧૬ છે**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડો થવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. આજે જિલ્લામાં કોરોનાના કેસો ઘટ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં પણ ધીમી ગતિએ ઘટાડાનો ટ્રેડ શરૂ થયાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

જિલ્લામાં આજે નવા ૨૬૫ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૦ અને શહેરમાં ૧૧૫ નવા કેસ મળી આવ્યા છે. જિલ્લામાં આજે બીજે દિવસે પણ કોરોનાથી સંક્રમિત થનાર દર્દીઓ કરતાં કોરોનામુક્ત થનાર દર્દીઓની સંખ્યા વધુ હોવાથી તંત્રએ હાશકારો અનુભવ્યો છે. જિલ્લામાં આજે ૨૭૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામ, કલોલ, માણસામાં નવા કેસો મળી રહ્યા છે જ્યારે ગાંધીનગર તાલુકામાં કેસોની સંખ્યા ઘટી રહી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૩૨, ગાંધીનગરમાં ૨૭, કલોલમાં ૪૬ અને માણસામાં ૪૫ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૧૨ દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં એક્ટીવ કેસોની સંખ્યા ૨૫૦૦ ની આસપાસ છે. જેમાં શહેરમાં ૧૫૦૦ જેટલા તો ગ્રામ્ય વિસ્તારમાં આજની યાદીમાં જણાવ્યા પ્રમાણે ૧૦૧૬ એક્ટીવ દર્દીઓ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૬૦ મહિલા દર્દી, ૨૧ બાળકો જેમની આયુ ૨૦ થી ઓછી છે તેવા, ૧૩ વિદ્યાર્થી, ૭ કર્મયોગી અને એક શિક્ષક તેમજ ૧૮ ખેડૂત અને ખાનગી નોકરીયાતો તેમજ નાના ધંધાના વેપારીઓ સંક્રમિત થયા છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં આજે વધુ ૩૨ કેસ નોંધાયા છે. જેમાં દહેગામ અર્બનમાંથી ૫, ગ્રામ્ય વિસ્તાર હિલોલમાંથી ૪, નાંદોલમાંથી ૩, મિરજાપુરમાંથી ૨ તેમજ ડેમાલિયા, કમલબંધ વાસણા, કનીપુર, મદાપુરા, હરસોલી, કડજોદરા, લિહોડા, મોટી માછંગ, નાનગજીના મુવાડા, પીપલજ, વદોડ, વર્ધાનામુવાડા, લવાડ, પાલૈયા, ચમાલપુર, હાલીસા, સાણોદામાંથી પણ કેસ મળી આવેલ છે.

દહેગામ તાલુકાના અંતરિયાળ ગામોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટનસીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે તંત્રએ સૂચનાઓ આપી છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાનું સંક્રમણ સ્થિર થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. તાલુકામાં આજે સતત બીજે દિવસે પણ ૨૭ કેસ નોંધાયા છે. તાલુકામાં કેસોની સંખ્યા ઘટી રહી છે.

તાલુકામાં ગ્રામ્ય વિસ્તારો નવા જરૂર પકડાઈ રહ્યા છે પણ પરિસ્થિતિ હવે નિયંત્રણમાં આવી રહી હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા પાલજ ગામેથી પાંચ કેસ તેમજ પ્રાંતિયા, રતનપુર, વાસણા ગામેથી ૨-૨ કેસ મળવા ઉપરાંત દશેલા, ધરમપુર, દોલારાણા વાસણા, જાખોરા, લેકાવાડા, મોતીપુરા, સાદરા, ચંદ્રાલા, ગિયોડ, લવારપુર, મહુન્દ્રા, સોનીપુર, ઉનાવા, અડાલજ, મગોડી, વાંકાનેરડા ગામેથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં કોરોનાએ તેનું રૌદ્ર સ્વરૂપ બતાવવાનું ચાલુ રાખ્યુ છે. કલોલ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સતત કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે. કલોલ શહેરમાંથી આજે ૨૦ કેસ મળી આવ્યા છે. જેમાં અર્બન-૧ વિસ્તારમાંથી ૧૧ અને અર્બન-૨ વિસ્તારમાંથી ૯ કેસ મળી આવ્યા છે. શહેરમાં સંક્રમણ વધી રહ્યાનું લોકજીભે ચર્ચાઈ રહ્યુ છે.

તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં જાસપુર, પાનસર અને સબાલપુરમાં ૩-૩ કેસ, છત્રાલમાં ૬ કેસ, શેરીસામાં ૨ કેસ તેમજ બોરીસણા, ધાનજ, પીયજ, રામનગર, ડિંગુચા, નાસ્મેદ, રાંચરડા, સાંતેજ, આરસોડિયામાંથી પણ કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકામાં પણ કેસોની સંખ્યા જોઈ તંત્ર હચમચી જવા પામ્યુ છે. માણસા શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાંથી જે ગતિએ કેસો મળી રહ્યા છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ફરજીયાત માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ સઘન સર્વેલન્સની સૂચનાઓ ઉપરાંત ટેસ્ટીંગમાં પણ વધારો કરી ટ્રેકીંગ અને ટ્રેસીંગ માટે જણાવવામાં આવ્યુ છે. માણસા તાલુકામાંથી આજે ૪૫ કેસ મળી આવ્યા છે.

માણસા અર્બનમાંથી આજે પાંચ કેસ મળ્યા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં લોદરામાંથી ૪, બિલોદરા, પુંધરા, ખડાત, આટા-આંબા, ચરાડામાંથી ૩-૩ કેસ, હરણાહોડા, સમૌ, અનોડિયા, અંબોડ, અલુવા અને વેડામાંથી ૨-૨ કેસ તેમજ પડુસ્મા, પરબતપુરા, સોલૈયા, કુવાદરા, મહુડી, રીદ્રોલ, આમજા, બાલવા, પાટણપુરામાંથી પણ કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ કેસની સંખ્યા આજે ૧ હજારને પાર કરી ગઈ છે. જિલ્લામાં હાલ ૧૦૧૬ એક્ટીવ દર્દીઓ સારવાર હેઠળ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૨૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૪૪૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૫૮૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું સઘન મોનીટરીંગ કરવા તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી પણ સઘન રીતે થાય તે જોવા માટે ખાસ તાકીદ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોનો ટ્રેન્ડ યથાવત રહ્યો છે. શહેરમાં આજે નવા ૧૧૫ કેસ નોંધાયા છે.

શહેરમાં કેસોની સંખ્યા ઘટી રહી છે પરંતુ નાના બાળકો સંક્રમિત થઈ રહ્યાની ચોંકાવનારી હકીકતો પણ બહાર આવતાં તંત્ર સ્તબ્ધ બની ગયુ છે. શહેરમાં આજે ૧૦ વર્ષથી ઓછી આયુ ધરાવતા ૮ બાળકો સંક્રમિત થયા છે. આ ઉપરાંત વાવોલમાંથી ૩.૫ માસની આયુ ધરાવતી બાળકી તેમજ સે. ૧૩ માંથી ૧૩ મહિનાની આયુ ધરાવતુ બાળક પણ સંક્રમિત થયેલુ મળી આવેલ છે.

મનપા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે સંક્રમિતોની યાદીમાં ૫ બાળકો ૧૦ થી ૨૦ વર્ષની આયુ ધરાવતા મળી આવ્યા છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓની યાદીમાં ૩૮ મહિલા તેમજ ૧૫ દર્દીઓ ૬૦ થી વધુ વય ધરાવતા છે. શહેરમાં નાના બાળકો, મહિલાઓ અને મોટી વય ધરાવતા વડીલો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં કોરોનાની બીજી લ્હેરમાં પરિવારોના પરિવાર વધુ સંક્રમિત થયાનું પણ મનપા તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

તંત્રએ મોટી વયના લોકોને અનિવાર્ય ના હોય તો બહાર જવાનું ટાળવુ તેવી અપીલને પણ દોહરાવી છે તેમજ ફરજીયાત માસ્કના નિયમનું અમલીકરણ પણ સઘન રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

શહેરમાં સમાવિષ્ટ સેક્ટરોમાં સે. ૨, ૭, ૨૬ અને ૨૮ માંથી ૬-૬ કેસ, સે. ૩, ૨૧, ૨૪ માંથી ૫-૫ કેસ, સે. ૬, ૧૩, ૧૭, ૨૯ માંથી ૪-૪ કેસ, સે. ૨૩, ૨૭ માંથી ૩-૩ કેસ તેમજ સે. ૧૯, ૨૨, ૩૦ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૮, ૧૨, ૧૪, ૧૬ માંથી પણ કેસ મળી આવેલ છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં આજે સરગાસણમાંથી ૧૬, કુડાસણમાંથી ૬, વાવોલમાંથી ૪, ભાટમાંથી ૩, જીઈબી, પાલજ, પેથાપુર, રાયસણમાંથી ૨-૨ કેસ તેમજ સુઘડ, પોર, રાંદેસણ, ખોરજ, ઈન્ફોસીટી, ઈન્દ્રોડા, અમીયાપુરમાંથી પણ કેસ મળી આવ્યા છે.

શહેરમાં બાળકો સંક્રમિત થવાને લઈ ચિંતીત બનેલ તંત્રએ પણ બાળકો સુરક્ષીત રહે તે જોવા વાલીઓને અપીલ કરી છે. શહેરમાં આજે ૧૪૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૮૫૦ થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન છે અને ૧૦ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. શહેરમાં આજે ૧૫૦૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું સઘન મોનીટરીંગ કરવા તેમજ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી પણ સઘન રીતે થાય તે જોવા માટે તાકીદ કરી છે.

# કોરોનાની ત્રીજી લહેર માટે રાજયનો એક્શન પ્લાન

**દુનિયાના મેડીકલ એકસપર્ટસે આગામી દિવસોમાં કોરોનાની થર્ડ વેવ આવવાની વ્યકત કરેલી સંભાવનાને પગલે ગુજરાતમાં સતર્કતા-સજ્જતા-ભાવિ રણનીતિના આગોતરા આયોજનની વિશદ ચર્ચા-વિચારણા ત્રણ કલાકની લંબાણ બેઠકમાં તજજ્ઞો સાથે હાથ ધરતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી**

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કોરોના કોવિડ-૧૯ની થર્ડ વેવ આગામી દિવસોમાં આવી શકે તેવી દુનિયાના મેડીકલ એકસપર્ટસ દ્વારા કરેલી સંભાવનાઓને પગલે ગુજરાતમાં પણ તેનો સતર્કતા-સજ્જતાથી સામનો કરવાના આગોતરા આયોજન રૂપે ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કર્યુ હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં મુખ્યમંત્રીશ્રી નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારની કોવિડ ટાસ્ક ફોર્સના તજજ્ઞ તબીબો તેમજ ચ્મ્ઈઝના વૈજ્ઞાનિકો અને મંત્રીશ્રીઓ વરિષ્ઠ સચિવો સાથે ભાવિ રણનીતિ ઘડવા અંગે ત્રણ કલાક ચાલેલી આ બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ હાથ ધરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, કોરોના સંક્રમણમાં આ બીજી લહેરમાં છેલ્લા એક સપ્તાહથી કેસોની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થયો છે અને અગાઉના ૧૪૦૦૦ કેસોથી ઘટીને ૧૧ હજાર જેટલી સંખ્યા થઇ ગઇ છે.

તેમણે આ સંદર્ભમાં ઉમેર્યુ કે, રાજય સરકાર, તબીબી જગત અને જનસહયોગના સહિયારા પ્રયાસોથી આપણે આ પરિણામ મેળવી શકયા છીયે.



"હવે, ત્રીજી લહેર જો સંભવતઃ આવી પડે તો ગુજરાતમાં આગોતરું આયોજન કરીને મેડીકલ પ્રોટોકોલ, ટ્રીટમેન્ટ, ઓકસીજન વ્યવસ્થા, હોસ્પિટલોમાં બેડ તેમજ ઈન્ફ્રાસ્ટ્રકચરને વધુ સુદ્રઢ બનાવવા અંગે આપણે માઈક્રોપ્લાનીંગ સાથેનો એકશન પ્લાન ઘડવો પડશેલ્લ્લ એમ મુખ્યમંત્રીશ્રીએ તજજ્ઞ તબીબો સાથેની ચર્ચામાં જણાવ્યું હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે, કોરોના સંક્રમણ નિયંત્રણ અને સારવારનો પહેલી લહેર અને બીજી લહેરનો જે અનુભવ, સારવાર પદ્ધતિ આપણી પાસે છે તના આધાર ઉપર ત્રીજી સંભવિત વેવમાં ઓછામાં ઓછા લોકો સંક્રમિત થાય, મૃત્યુદર પણ સાવ ઓછો રહે એ દિશામાં પ્રયત્નશીલ રહેવાની આવશ્યકતા છે.

આ ટાસ્કફોર્સ કમિટિની ઉચ્ચસ્તરીય બેઠકમાં મ્યુકોરમાયરોસીસના રોગચાળા અને તેની સારવાર અંગે પણ ચર્ચા હાથ ધરાઇ હતી. રાજ્યના ૯ જેટલા વરિષ્ઠ નિષ્ણાંત તબીબોની ટાસ્ક ફોર્સના સભ્યો પૈકી વિશ્વપ્રસિદ્ધ કાર્ડિયોલોજિસ્ટ અને એપેક્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ અમદાવાદના ચેરમેન પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ, ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગરના ડાયરેક્ટર ડૉ. દિલીપ માવલંકર, ઝાયડસ હોસ્પિટલ, ઈન્ફેક્સિયશ ડિસિઝ કન્સલ્ટન્ટ અને સ્ટર્લીંગ હોસ્પિટલ અમદાવાદના ઈન્ફેક્શન ડિવિઝનના ડાયરેક્ટર શ્રી ડૉ. અતુલ પટેલ, જાણીતા પલ્મોનલૉજીસ્ટ અને સ્ટર્લિંગ હોસ્પિટલના ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડૉ. તુષાર પટેલ, એપોલો હોસ્પિટલના ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડૉ. મહર્ષિ દેસાઈએ બેઠકમાં સહભાગી થઈને કોવિડ પ્રોટોકોલ તથા લાઈન ઓફ ટ્રીટમેન્ટ વિશે પોતાના અનુભવો શેર કર્યા હતા અને સૂચનો પણ કર્યા હતા.




**મેડીકલ કોલેજના ડોક્ટર્સ અને કર્મચારીઓ દ્વારા વિરોધ પ્રદર્શન**

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત રાજ્યમાં આવેલી ૮ મેડીકલ કૉલેજના ડૉક્ટર્સ અને કર્મચારીઓએ વર્ષોથી પોતાની પડતર માંગણીઓ મામલે સરકાર સામે લડતનો મોરચો માડ્યો છે ત્યારે ગાંધીનગર મેડીકલ કૉલેજ ખાતે પણ ડૉક્ટર્સ અને કર્મચારીઓ દ્વારા વિવિધ પ્લેકાર્ડ દર્શાવી પોતાનોક્રોષ ઠાલવ્યો હતો.

# ગાંધીનગર જિલ્લાના જનસેવા કેન્દ્રો, આધાર નોંધણી અને ઇ- ધરા કેન્દ્રો ૧૭મી સુધી બંધ રહેશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેર તથા જિલ્લાની મામલતદાર કચેરીઓમાં આવેલા જન સેવા કેન્દ્રોની કામગરી કોવિડ- ૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી આગામી તા. ૧૭મી મે, ૨૦૨૧ સુધી જાહેરહિતને લઈ બંધ રાખવામાં આવશે, તેવું જિલ્લાના નિવાસી અધિક કલેકટરશ્રીએ જણાવ્યું છે.

નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજાએ વધુમાં જણાવ્યું છે. કે, ગાંધીનગર શહેર તથા જિલ્લામાં કોવિડ- ૧૯નું સંક્રમણ વધી રહ્યું છે. કોવિડ- ૧૯ના સંક્રમણને નિયંત્રણ કરવા, તકેદારીના ભાગ રૂપે, લોકોની ભીડ એકત્રિત ન થાય તે માટે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યની સૂચનાથી ગાંધીનગર શહેર તથા જિલ્લાની મામલતદાર કચેરીઓમાં આવેલા જનસેવા કેન્દ્રોની કામગીરી બંધ રહેશે. આ સાથે આધાર નોંધણી, ઈ- ધરા કેન્દ્રો પણ આગામી તા. ૧૭મી મે, ૨૦૨૧ સુધી બંધ રાખવામાં આવશે.

વધુમાં તેમણે જણાવ્યું છે કે, આ સેવાઓ સંબંધિત કામગીરી માટે અતિ આવશ્યક સંજોગોમાં સંબંધિત મામલતદારશ્રીઓનો સંપર્ક કરવાનો રહેશે. આ ઉપરાત અત્રેની કચેરી ખાતે તથા અત્રેના તાબા હેઠળની પ્રાંત કચેરીઓ અને મામલતદાર કચેરીઓ ઉપરાંત તાબા હેઠળના ચોરા/ચાવડીઓ ખાતે અતિ આવશ્યક સંજોગો સિવાય અરજદારની મુલાકાત પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

**પ્રથમ માસિક પૂણ્યતિથિ નિમિતે**
**કોટી કોટી વંદન સાથે પ્રણામ...**



**સ્વ. શ્રી ભાગ્યવતીબેન મગનલાલ બારોટ**
**"મહિલા તંત્રી", દૈનિક "ધરતીના લાલ"**
**અખબાર કચ્છ–ભુજ અને ગાંધીનગર.**
**પરમ કૃપાળુ પરમાત્મા તેમની દિવ્ય પવિત્ર આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**
**દૈનિક ધરતીના લાલ પરિવાર.**
**મો. ૯૪૨૬૩૫૨૭૯૨, ૯૪૨૭૯૫૮૯૫૮**

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬


શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## પ્રદેશ કોંગ્રેસના અગ્રણી જે.પી. પાંડેનું નિધન

ગાંધીનગર, તા. ૯

હિન્દી ભાષી સમાજના પિતામહ, માર્ગદર્શક, શુભચિંતક, રાજસ્થાન વિદ્યાલયના પૂર્વ પ્રાચાર્ય, કોંગ્રેસ પાર્ટીના પૂર્વ ઉપાધ્યક્ષ-કોષાધ્યક્ષ અને સમાજસેવક જે.પી. પાંડેનું દુઃખદ અવસાન થયું છે.



## બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલના પુત્રવધુનું દુઃખદ અવસાન



ગાંધીનગર, તા. ૧૦

બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલના પુત્રવધુ સીતાબેન મહેશભાઈ પટેલનું દુઃખદ અવસાન થયુ છે. ૯ મીના રોજ સીતાબેનને હૃદયરોગનો હુમલો આવતાં તેઓ દેવલોક પામેલ છે. સીતાબેન પટેલે તેમની સાલસતા, નિખાલસતાને કારણે સામાજિક જીવનમાં એક આગવી ઓળખ ઉભી કરી હતી.

તેમના દુઃખદ અવસાનના સમાચારથી તાલુકામાં તેમજ સમાજમાં ઘેરાશોકની લાગણી પ્રસરી જવા પામી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com